# <u>પ્રેસનોટ</u>

ઠાકોરશ્રી મુળવાજી વિનયન કૉલેજ - કોટડાસાંગાણીના યજમાન પદે આંતર કૉલેજ ક્રોસ-કન્ટ્રી સ્પર્ધા યોજાયેલ.

શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન ઠાકોરશ્રી મુળવાજી વિનયન કૉલેજ - કોટડાસાંગાણીના યજમાન પદે આંતર કૉલેજ ક્રોસ-કન્ટ્રી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૧૯ કૉલેજના ૬૧ વિદ્યાર્થીઓએ ૧૮ કૉલેજના ૫૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ. પોલીસ સ્ટેશન કોટડા સાંગાણીથી ભાડવા તરફ ૧૦ કિલોમીટરની દોડનું આયોજન કરવામાં આવેલ જેમાં કોટડાસાંગાણીના પી.એસ.આઇ શ્રી જી.બી. જાડેજાએ કલેકટર દ્વારા સ્પર્ધાની શરૂઆત કરાવેલ સ્પર્ધામાં પોલીસ બંદોબસ્ત કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન દ્વારા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાસાંગાણીના આરોગ્ય કર્મચારીઓ દ્વારા પ્રાથમિક પ્રાથમિક સારવારની કીટ સાથે ઉપસ્થિત રહેલ
ક્રોસ-કન્ટ્રી આંતર કૉલેજ ભાઈઓમાં ૧૯ કૉલેજ અને ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો તથા બહેનો વિભાગમાં ૧૮ કૉલેજ અને ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. ભાઈઓ વિભાગમાં પ્રથમ ક્રમે સરવૈયા જયેશ ધીરુભાઈ (જસાણી કૉલેજ, રાજકોટ) દ્વિતીય ક્રમે મકવાણા મનસુખ બીજલભાઇ (શ્રી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ રાજકોટ) તથા તૃતીય ક્રમે કટારીયા સંજય હિંમતભાઈ (શ્રી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ, રાજકોટ) તથા ક્રોસ કન્ટ્રી બહેનો વિભાગમાં કોશિયા હેલી મનોજભાઈ (માતૃશ્રી વીરબાઇમાં મહિલા આર્ટસ કૉલેજ, રાજકોટ) દ્વિતીય ક્રમે બેરાની રસીલાબેન વિનુભાઈ (શ્રીમતી જે જે કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, રાજકોટ) તથા તૃતીય ક્રમે બારૈયા રીના ભરતભાઈ (માતૃશ્રી વીરબાઈમાં મહિલા આર્ટસ કૉલેજ, રાજકોટ) રહેલ હતું તથા ભાઈઓ વિભાગમાં જનરલ ચેમ્પિયનશિપમાં પ્રથમ ક્રમે ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ, રાજકોટ દ્વિતીય ક્રમે એસ.એસ.પી. જૈન આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ધાંગધ્રા તથા તૃતીય ક્રમે એસ.એમ.ટી. જે. જે. કુંડલીયા આર્ટ્સ એન્ડ કોમર્સ,કૉલેજ રાજકોટ રહેલ હતી તથા બહેનો વિભાગમાં જનરલ ચેમ્પિયનશિપમાં પ્રથમ ક્રમે માતૃશ્રી વીરબાઈમાં મહિલા આર્ટસ કૉલેજ, રાજકોટ દ્વિતીય ક્રમે શ્રીમતી જે. જે. કુંડલીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાજકોટ તથા તૃતીય ક્રમે શ્રી સદગુરુ રણછોડદાસજી મહિલા હોમ સાયન્સ કૉલેજ, રાજકોટ રહેલ હતી. સમાપન કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. ગુણવંતરાય વાજાના અધ્યક્ષ સ્થાને તથા સ્વર્ણિમ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર અને અધ્યક્ષ ડો. જયદીપસિંહ ચૌહાણ તથા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કોટડાસાંગાણી બ્રાન્ચના મેનેજરશ્રી સંજયભાઈ પટેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામકશ્રી હરીશભાઈ રાબાના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવેલ તેમજ પ્રસંગોચીન ઉદબોદન કરી સ્પર્ધકોને ઉત્સાહિત કરેલ. સમગ્ર સ્પર્ધાનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ તથા ઓબઝર્વર તરીકે ડૉ. હાસમ ભાલીયા અને સહયોગથી કૉલેજના શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક રીધમભાઈ વાગડિયાએ સફળતાપૂર્વક પાર પાડેલ. સમાપન કાર્યક્રમનું સંચાલન ડૉ. સંદીપ વાળાએ કરેલ હતું.


SAURASHTRA UNIVERSITY - RAJKOT
THAKORSHRI MULVAJI ARTS COLLEGE, KOTDASANGANI
Organises
INTER COLLEGE CROSS COUNTRY COMPETITION
(MEN & WOMEN)
VENUE : THAKORSHRI MULVAJI ARTS COLLEGE - KOTDASANGANI


SAURASHTRA UNIVERSITY - RAJKOT
THAKORSHRI MULVAJI ARTS COLLEGE, KOTDASANGANI
Organises
INTER COLLEGE CROSS COUNTRY COMPETITION
(MEN & WOMEN)
VENUE : THAKORSHRI MULVAJI ARTS COLLEGE - KOTDASANGANI


SAURASHTRA UNIVERSITY - RAJKOT
THAKORSHRI MULVAJI ARTS COLLEGE, KOTDASANGANI
Organises
INTER COLLEGE CROSS COUNTRY COMPETITION
(MEN & WOMEN)
VENUE : THAKORSHRI MULVAJI ARTS COLLEGE - KOTDASANGANI